Extra No. 107

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **THURSDAY, MARCH 12, 2026 / PHALGUNA 21, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

આદેશ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી માર્ચ, ૨૦૨૬

ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-યુનિટ-૯-મહીસાગર-જિ.પં.-૨૦૨૬

મહીસાગર જિલ્લા પંચાયતની ચૂંટણી માટે મતદાર મંડળોની રચના (અનામત બેઠકોની વારાફરતી ફાળવણી સહિત) અંગેનો સુધારેલો પ્રાથમિક આદેશ

૧. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, મહિસાગર તરફથી રજૂ થયેલ દરખાસ્તના આધારે રાજ્ય ચૂંટણી આયોગે તા. ૨૭-૦૨-૨૦૨૬ના રોજ મહિસાગર જિલ્લા પંચાયતની આગામી સામાન્ય ચૂંટણી માટે મતદાર મંડળોની રચના (અનામત બેઠકોની વારાફરતી ફાળવણી સહિત) અંગેનો પ્રાથમિક આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ- સમક-યુનિટ-૦૯-મહિસાગર-જિ.પં -૨૦૨૬ પ્રસિદ્ધ કરેલ. જે અન્વયે તા. ૧૦-૦૩-૨૦૨૬ ના રોજ માન્ય રાજકીય પક્ષો સાથે પરામર્શ બેઠક યોજવામાં આવેલ હતી. પરામર્શ બેઠકમાં માન્ય રાજકીય પક્ષો તરફથી વાંધા / સૂચનો રજૂ કરવામાં આવેલ હતા. રજૂ થયેલ વાંધા/સૂચનો ધ્યાને લઇ તે અન્વયે ચકાસણી કરી, અહેવાલ મોકલી આપવા કલેક્ટરશ્રીને જણાવવામાં આવ્યુ. જે અન્વયે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી મહિસાગરએ તેમના તા. ૧૦-૦૩-૨૦૨૬ના પત્રથી મહિસાગર જિલ્લા પંચાયત સીમાંકન અને બેઠક ફાળવણી અંગેની સુધારા દરખાસ્ત રજૂ કરેલ છે. આથી, રાજ્ય ચૂંટણી આયોગનો તા. ૨૭-૦૨-૨૦૨૬નો મહિસાગર જિલ્લા પંચાયતની ચૂંટણી માટે મતદાર મંડળોની રચના (અનામત બેઠકોની વારાફરતી ફાળવણી સહિત) અંગેનો પ્રાથમિક આદેશ રદ કરી, નીચેની વિગતે નવેસરથી મહિસાગર જિલ્લા પંચાયતની ચૂંટણી માટે મતદાર મંડળોની રચના (અનામત બેઠકોની વારાફરતી ફાળવણી સહિત) અંગનો સુધારેલ પ્રાથમિક આદેશ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨. ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ (જેનો હવે પછી "અધિનિયમ" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે)ની કલમ૧૧(૪) અન્વયે જિલ્લા પંચાયત માટે બેઠકોની કુલ સંખ્યા તેમજ કલમ ૧૧(૫) અન્વયે જિલ્લા પંચાયતની કુલ બેઠકો પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો અને સ્ત્રીઓ માટે અનામત બેઠકોની સંખ્યા નક્કી કરવાના અધિકાર રાજ્ય સરકારને છે. રાજ્ય સરકારના જાહેરનામા ક્રમાંક: કેપી-૧૯૧-૧૯૯૪-ડીઈએલ-૧૦૯૪-૧૨૪૬-જ, તા. ૨૬-૭-૯૪ તથા ક્રમાંક: કેપી-૨૩૦-૧૯૯૪-ડીઈએલ-૧૦૯૪-૧૯૬૮-જ, તા. ૨૫-૧૦-૯૪ અન્વયે જિલ્લા પંચાયતની કુલ બેઠકોની સંખ્યા અને તે પૈકી અનામત બેઠકોની સંખ્યા નક્કી કરવાના અધિકારો વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપરત થયા છે. ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સને ૨૦૨૩નો ગુજરાતનો ૧૭મો) થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં કુલ બેઠકો પૈકી ૨૭ ટકા બેઠકો પછાત વર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે. વિકાસ કમિશનરશ્રીએ તેમના જાહેરનામા ક્રમાંક : KPV-03-DC-ELC-L-4-DP-19-2026, તા. 13-01-2026 (જેનો હવે પછી "જાહેરનામા" તરીકે ઉલ્લેખ કર્યો છે) અન્વયે મહીસાગર જિલ્લા પંચાયત માટે નીચે મુજબ બેઠકો નક્કી કરેલ છે.

જિલ્લા પંચાયતનું નામ	કુલ બેઠકો	નક્કી કરેલ બેઠકોની વિગત						સામાન્ય સ્ત્રી	બિન અનામત સામાન્ય
		અનુસૂચિત જાતિ		અનુસૂચિત આદિજાતિ		સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ			
		સ્ત્રી	સામાન્ય	સ્ત્રી	સામાન્ય	સ્ત્રી	સામાન્ય		
મહીસાગર	૨૮	૦	૧	૬	૫	૧	૨	૭	૬

૨. વિકાસ કમિશનરશ્રી જિલ્લા પંચાયત માટે અધિનિયમની કલમ-૧૧(૪) અન્વયે જેટલી સંખ્યામાં બેઠકો નક્કી કરે તેટલી સંખ્યામાં જિલ્લો એકપદીય મતદાર મંડળોમાં વહેંચવામાં આવશે તેમજ રાજ્ય ચૂંટણી આયોગ આ પ્રકિયા કઈ રીતે કરશે તે અંગે અધિનિયમની કલમ-૧૬(૩) તથા ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર મંડળોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦માં જોગવાઈ કરવામાં આવી છે. જોગવાઈ મુજબ જિલ્લા પંચાયતના મતદાર મંડળોની રચના શક્ય હોય તો એવી રીતે કરવી કે દરેક મતદાર મંડળની વસ્તી સરખી રહે અને દરેક મતદાર મંડળને એ રીતે વહેંચવામાં આવે કે જેથી કરીને તાલુકા પંચાયતના એક મતદાર મંડળના સમગ્ર વિસ્તારનો સમાવેશ જિલ્લા પંચાયતના એક મતદાર મંડળમાં થાય.

૩. વિકાસ કમિશનરશ્રીએ નક્કી કરેલ બેઠકોની સંખ્યા અને જિલ્લાની સને ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ દરેક મતદાર મંડળમાં સરેરાશ વસ્તી એકસરખી રહે તે રીતે રાજ્ય ચૂંટણી આયોગે મતદાર મંડળની રચના કરવી તેવું અપેક્ષિત છે.

અધિનિયમની કલમ-૧૧ની પેટાકલમ (૫)ના ખંડ (ક)ના પેટા-ખંડ (૧) અને (૨) તથા પેટા-ખંડ (ખ) અને (ગ) મુજબ રાજ્ય સરકારે અનામત રાખેલી બેઠકોની વારાફરતી ફાળવણી જુદા જુદા મતદાર મંડળમાં રાજ્ય ચૂંટણી આયોગે, વિહિત થયેલ રીતે કરવાની રહે છે.

અનામત બેઠકોની વારાફરતી ફાળવણી કરવાના અધિકારો અધિનિયમની કલમ-૧૧(૫) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગને વૈધાનિક રીતે મળેલા છે. રાજ્ય સરકારે ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયતોની ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ (જેનો હવે પછી "નિયમો" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) આ હેતુ ઘડેલ છે.

અધિનિયમની કલમ-૧૬(૩) અન્વયે રાજ્ય ચૂંટણી આયોગ જે મતદાર મંડળની રચના કરે તેને નિયમોના નિયમ-૩ અન્વયે અનુક્રમ નંબર આપવાની જોગવાઈ થયેલ છે. આ જોગવાઈ સંક્ષિપ્તમાં નીચે પ્રમાણે છે :

૧) દરેક મતદાર મંડળને રાજ્ય ચૂંટણી આયોગે નામ આપવાનું રહે છે.

૨) મતદાર મંડળમાં જો એકથી વધુ ગામો સમાવિષ્ટ હોય તો સમાવિષ્ટ ગામો પૈકી જે ગામની વસ્તી વધારે હોય તે ગામના નામ પ્રમાણે મતદાર મંડળને નામ આાપવાનું રહે છે.

૪. આ રીતે નામો અપાયા પછી, રાજ્ય ચૂંટણી આયોગે મતદાર મંડળના નામને અંગ્રેજી કક્કાવારી પ્રમાણે ગોઠવવા તેવું નિયમો અન્વયે અપેક્ષિત છે. અંગ્રેજી કક્કાવારી મુજબ મતદાર મંડળો જે રીતે ગોઠવાય તે મતદાર મંડળનો ક્રમાંક રહેશે અને આ ક્રમાંક તે મતદાર મંડળનો "સામાન્ય ક્રમાંક" કહેવાશે તેવી જોગવાઈ છે.

૫. નિયમોના નિયમ -૪, ૫, ૬, ૭ અને ૮માં રાજ્ય ચૂંટણી આયોગે અનામત બેઠકોની ફાળવણી જુદા જુદા મતદાર મંડળોમાં કઈ રીતે કરવી તે અંગેની જોગવાઈ છે.

૬. નિયમ-૪ અને ૫ માં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખેલ બેઠકોની ફાળવણી કઈ રીતે કરવી તે વિષયે જોગવાઈ કરી છે. તે મુજબ આ વર્ગની બેઠક ફાળવવા માટે મતદાર મંડળને જે તે વર્ગ માટે ખાસ ક્રમાંક આપવાના છે.

૭. ખાસ ક્રમાંક કઈ રીતે આપવા તે માટે નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ, દરેક મતદાર મંડળની કુલ વસ્તી અને તે વસ્તી સામે મતદાર મંડળની અનુસૂચિત જાતિ, યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિની વસ્તીની ટકાવારીને ધ્યાનમાં લઈ સૌથી ઊંચી ટકાવારી ધરાવતા મતદાર મંડળને જે તે વર્ગ માટેનો ખાસ ક્રમાંક: ૧ ત્યારબાદ ઘટતી જતી ટકાવારી પ્રમાણે ૨, ૩ તે રીતે ખાસ ક્રમાંક આપવાના રહે છે.

જાહેરનામામાં નિર્ધારિત થયેલ સંખ્યા સુધી મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ, યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિના ખાસ ક્રમાંક પ્રમાણે બેઠક ફાળવવાની રહે છે.

૮. અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિ વર્ગની સ્ત્રી માટેની અનામત બેઠક કઈ રીતે ફાળવવી તે વિષયે પણ નિયમોમાં જોગવાઈ થઈ છે. તે મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ વર્ગની સ્ત્રી માટે ખાસ ક્રમાંક મુજબ ક્રમાનુસાર પ્રથમ આવતા ખાસ ક્રમાંકો ધરાવતા મતદાર મંડળોમાં સ્ત્રી બેઠક ફાળવવાની રહે છે. અર્થાત કોઈ જિલ્લા પંચાયત માટે અનુસૂચિત જાતિ માટે ત્રણ બેઠકો (તે પૈકી એક બેઠક અનુસૂચિત જાતિ સ્ત્રી માટે અનામત) અનામત રાખવાનું નિર્ધારિત થયું હોય તો જે મતદાર મંડળનો ખાસ ક્રમાંક-૧ ઉપર પેરા-૭ મુજબ નક્કી થાય તે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિની સ્ત્રી માટે બેઠક ફાળવવી અને અનુસૂચિત જાતિ ખાસ ક્રમાંક-૨ અને ૩ ધરાવતા મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ માટેની બેઠક ફાળવવી.

આ જ પ્રમાણે અનુસૂચિત આદિજાતિ માટેની બેઠકો પણ નિયમ-૫ અન્વયે ફાળવવાની રીત વિહિત થયેલ છે.

૯. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે બેઠક ફાળવણી સંબંધી નિયમ-૬ માં થયેલ જોગવાઈ મુજબ જે મતદાર મંડળમાં નિયમ-૪ તથા ૫ અન્વયે અનુસૂચિત જાતિ અથવા યથાપ્રસંગે અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળમાં મતદાર મંડળના સામાન્ય ક્રમાંક મુજબ નિર્ધારિત સંખ્યા સુધી બેઠકો ફાળવવાની રહે છે અને તેમાં પણ આ વર્ગની મહિલા માટે બેઠક પ્રથમ ફાળવવાનું વિહિત થયું છે.

૧૦. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની મહિલા સિવાયની મહિલાઓ માટે અનામત બેઠકો ફાળવવા અંગે નિયમ-૭ માં જોગવાઈ છે. તે મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે (તે વર્ગની સ્ત્રી સહિત) ની અનામત બેઠકની ફાળવણી થયા પછી બાકી રહેતા મતદાર મંડળના સામાન્ય ક્રમાંક મુજબ નિયત સંખ્યા સુધી મહિલા અનામત બેઠકો ફાળવવાની રહે છે.

૧૧. આ રીતે જુદા જુદા વર્ગો માટે આરક્ષિત બેઠકો ફાળવ્યા પછી, બાકી રહેતા મતદાર મંડળમાં બિનઅનામત બેઠકો ફાળવવી તેવું વિહિત થયું છે.

૧૨. અત્રે એ ઉલ્લેખ કરવો યોગ્ય થશે કે, અધિનિયમની કલમ-૧૬(૩) માં થયેલ જોગવાઈ પ્રમાણે દરેક મતદાર મંડળની વસ્તી શક્ય હોય ત્યાં સુધી એક સરખી રાખવાનું અપેક્ષિત છે. અધિનિયમમાં "શક્ય હોય ત્યાં સુધી" તેવો શબ્દ પ્રયોગ થયો છે. તે ઉપરથી ફલિત થાય છે કે તમામ મતદાર મંડળોની વસતિ એક સરખી જ રાખવાનું શક્ય નથી. જો એક સરખી જ રાખવી તેવી જોગવાઈ થાય તો પરિસ્થિતિ એ થાય કે એક જ ઘરની કેટલીક વ્યક્તિઓ એક મતદાર મંડળમાં હોય અને બીજી વ્યક્તિ અન્ય મતદાર મંડળમાં સમાવિષ્ટ થવા પામે. તેથી મતદાર મંડળોની રચના વૈધાનિક જોગવાઈની અપેક્ષા સાથે સુસંગત રહી આયોગે કરવી જોઈએ તેમ આયોગ માને છે. આવી રીતે એક સરખી વસ્તી રાખવામાં આવે તો તે અવ્યવહારુ થાય. જેથી તમામ મતદાર મંડળોની વસ્તી એક સરખી જ નહિ રાખતાં થોડી છૂટછાટ આયોગે વિચારવી રહે.

અધિનિયમમાં મતદાર મંડળોની વસતી શક્ય હોય ત્યાં સુધી એક સરખી રાખવાની જે અપેક્ષા છે તે બર આવે અને સાથે સાથે અવ્યવહારુ થવા ન પામે તે માટે ઘરછોડ કઈ રીતે, કેટલી મર્યાદા સુધી રાખવી તે હેતુથી આયોગે રાજ્યની અન્ય સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના મતદાર મંડળોની રચના કરવા અંગે જે નિયમો, અધિનિયમો થયા છે તેના પર આધાર રાખવો મુનાસિબ માન્યું છે. તે મુજબ મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાકન અને અનામત બેઠકોની ફાળવણી અંગેના નિયમો, ૧૯૯૪ તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) અંગેના નિયમો, ૧૯૯૪ (જેનો હવે પછી “શહેરી નિયમો” તરીકે ઉલ્લેખ થયો છે) ને આધાર રાખી આ પ્રક્રિયા હાથ ધરવી તે યોગ્ય માન્યું છે. શહેરી નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ સામાન્યત: દરેક વોર્ડની વસ્તી એકસરખી રાખવી. પરંતુ, શહેરની કુલ વસ્તીને વોર્ડની સંખ્યા વડે ભાગતાં જે સંખ્યા આવે તે સરેરાશ વસતી રહેશે તેમ જોગવાઈ છે અને દરેક વોર્ડમાં તેટલી વસતી રાખવી. પરંતુ, આ રીતે આવતી સરેરાશ વસ્તીના ૧૦% વધ-ઘટ સુધી વોર્ડની રચના થઈ શકશે તેવી શહેરી નિયમોમાં જોગવાઈ છે. અર્થાત ૧૦ ટકાથી વધુ વધઘટ ન થાય તેવી જોગવાઈ થયેલ છે. ૧૦ ટકાની મર્યાદા સંબંધી પણ ભૌગોલિક એકસૂત્રતા, કુદરતી હદ મર્યાદા, રેલ્વે લાઈન, રસ્તા વગેરે પરિબળોને ધ્યાનમાં લઈ ૧૦ ટકાથી વધુ વધઘટ હોય તો વોર્ડની રચના કરવા શહેરી નિયમોમાં આયોગે મોકળાશ આપી છે.

આયોગ એ બાબતે સભાન છે કે, જિલ્લા પંચાયતનો વિસ્તાર શહેર / નગરપાલિકાના વિસ્તાર જેવો એકજથ્થે આવેલો નથી. ગામો દૂર આવેલાં છે અને કેટલાંક ગામો તો દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારમાં છે. તેથી ૧૦ ટકાની વધઘટની જોગવાઈને બદલે ૨૦ ટકા સુધી વધઘટ પ્રમાણે મતદાર મંડળની રચના કરવામાં આવે તો પણ તે હેતુ પુર:સર થશે તેવો અભિગમ આયોગે દાખવ્યો છે. પરંતુ, અપવાદરૂપ અને અનિવાર્ય કિસ્સામાં વાજબી કારણો આપી ઉપરોક્ત મર્યાદા કરતાં પણ વધુ બાંધછોડ રાજ્ય ચૂંટણી આયોગ કરી શકશે.

જાહેરનામા મુજબ નિર્ધારિત થયેલ બેઠકો તેમજ અનામત રખાયેલ બેઠકો સંબંધે કલમ-૧૬ના હેતુ સારુ રાજ્ય ચૂંટણી આયોગે કલેક્ટરશ્રી પાસેથી માહિતી મેળવી છે.

ઉપર પેરા ૨ થી ૧૧માં સ્પષ્ટતા કર્યા મુજબ નિયમો તથા આયોગના અભિગમના સંદર્ભમાં કલેક્ટરશ્રી પાસેથી મળેલી માહિતીનું આયોગે મૂલ્યાંકન કર્યું છે.

મહીસાગર જિલ્લા પંચાયત વિસ્તારની વસતી ૮૯૬૫૬૮ છે. જેથી આયોગના અભિગમ મુજબ બેઠક દીઠ સરેરાશ વસ્તી ૩૨૦૨૦ હોવી જોઈએ. જેમાં ૨૦% વધઘટ મુજબ વધ સાથે મહત્તમ વસતી ૩૮૪૨૪ તથા ઘટ સાથે લઘુત્તમ વસતી ૨૫૬૧૬ હોઈ શકે. તેથી પણ વધુ વધ અગર ઘટ ધરાવતા નીચે જણાવેલા મતદાર મંડળો રચવાં જરૂરી બન્યાં છે. મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોની ભૌગોલિક પરિસ્થિતિ, કોઈ જુથ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ ગામો જુદા જુદા મતદાર મંડળોમાં સમાવિષ્ટ ન કરવાં તથા તાલુકા પંચાયતના એક મતદાર મંડળના સમગ્ર વિસ્તારનો સમાવેશ જિલ્લા પંચાયતના એક મતદાર મંડળમાં થાય તેવી વૈધાનિક જોગવાઈ તથા કુદરતી બાધક પરિબળો, રેલ્વે, નદી વગેરે પરિબળો પ્રવર્તે છે. જે તે મતદાર મંડળ સંબંધી આ અંગે વિગતવાર કારણો આયોગે નોંધ્યાં છે.

અ.નં.	મતદાર મંડળ		મતદાર મંડળની વસ્તી	જિલ્લા પંચાયત મતદાર મંડળમાં ૨૦% છૂટ મર્યાદા કરતાં વધુ વધઘટની ટકાવારી
	સામાન્ય ક્રમાંક	નામ		
૧		૧૫-લીમડી	૩૯૦૭૪	તા.૧૦/૦૩/૨૦૨૬ ના રોજ માન્ય રાજકીય પક્ષો સાથે કલેક્ટર કચેરી સભાખંડ સ્થળે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી વિચાર-વિનિમય બેઠક રાખવામાં આવેલ છે. જેમાં થયેલ ચર્ચા મુજબ લીમડી જિલ્લા પંચાયત મતદાર મંડળમાં નાનીરેલ તાલુકા મતદાર મંડળને સમાવી અન્ય કોઈ બીજા મતદાર મંડળમાં સમાવેશ કરી શકાય તેમ નથી તેમજ ડુંગરાળ વિસ્તાર આવેલ હોય ભૌગોલિક દ્રષ્ટીએ સદર સીટ યોગ્ય હોવાનું ઉચિત જણાય છે. આમ ભૌગોલિક દ્રષ્ટીએ લીમડી જિલ્લા મતદાન મંડળની વસ્તી ૨૦% કરતા વધુ છે.
૨		૯-ગોઠીબડા	૨૩૨૬૬	તા.૧૦/૦૩/૨૦૨૬ ના રોજ માન્ય રાજકીય પક્ષો સાથે કલેક્ટર કચેરી સભાખંડ સ્થળે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી વિચાર-વિનિમય બેઠક રાખવામાં આવેલ છે. જેમાં થયેલ ચર્ચા મુજબ લીમડી જિલ્લા પંચાયત મતદાર મંડળમાં નાનીરેલ તાલુકા મતદાર મંડળને સમાવતા ગોઠીબડા જિલ્લા સીટ અસ્તીત્વમાં આવેલ છે જેમા બુગડ, રાણીજીની પાદેડી તથા ગોઠીબડા તાલુકા મતદાન મંડળનો સમાવેસ થયેલ છે. અન્ય કોઈ બીજા મતદાર મંડળમાં સમાવેશ કરી શકાય તેમ નથી તેમજ ડુંગરાળ વિસ્તાર આવેલ હોય ભૌગોલિક દ્રષ્ટીએ સદર સીટ યોગ્ય હોવાનું ઉચિત જણાય છે. આમ ભૌગોલિક દ્રષ્ટીએ ગોઠીબડા જિલ્લા મતદાન મંડળની વસ્તી ૨૦% કરતા ઘટ છે.

૧૩. આથી, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩-ડ તેમજ અધિનિયમ તથા નિયમો અન્વયે મળેલી સત્તાની રૂએ રાજ્ય ચૂંટણી આયોગ મહીસાગર જિલ્લા પંચાયત માટે નીચે જણાવેલ પત્રકના કોલમ-૨ માં જણાવેલ પ્રાદેશિક મતદાર મંડળોની રચના કરે છે અને પત્રકના કોલમ-૩ માં દર્શાવેલ તાલુકા પંચાયતના મતદાર મંડળનો તેમાં સમાવેશ કરવા આદેશ કરે છે.

જિલ્લા પંચાયત મતદાર મંડળનો ક્રમાંક તથા મતદાર મંડળનું નામ અને તાલુકાનું નામ		મતદાર મંડળમાં સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળના નામ તથા નંબર	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ ધરાવતા ગામની વસ્તી	સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળની વસ્તી તથા જિ.પં. મતદાર મંડળની કુલ વસ્તી	જિલ્લા પંચાયતના મતદાર મંડળની				જિલ્લા પંચાયતના મતદાર મંડળનો ખાસ ક્રમાંક	
					અનુસૂચિત જાતિની		અનુસૂચિત આદિજાતિની			
					વસ્તી	ટકાવારી	વસ્તી	ટકાવારી	અનુસૂચિત જાતિની બેઠકો માટે	અનુસૂચિત આદિજાતિની બેઠકો માટે
૧	૨	૩	૪	૫	૬(૧)	૬(૨)	૭(૧)	૭(૨)	૮	૯
૧	બચકરીયા ઉત્તર તા: કડાણા	૧-અમથાણી	૩૫૪૦	૫૦૬૩	૫૪૧		૪૨૧૫			
		૨-આકલીયા	૨૬૮૩	૬૧૪૧	૯૮		૫૯૭૧			

જિલ્લા પંચાયત મતદાર મંડળનો ક્રમાંક તથા મતદાર મંડળનું નામ અને તાલુકાનું નામ		મતદાર મંડળમાં સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળના નામ તથા નંબર	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ ધરાવતા ગામની વસ્તી	સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળની વસ્તી તથા જિ.પં. મતદાર મંડળની કુલ વસ્તી	જિલ્લા પંચાયતના મતદાર મંડળની				જિલ્લા પંચાયતના મતદાર મંડળનો ખાસ ક્રમાંક	
					અનુસૂચિત જાતિની		અનુસૂચિત આદિજાતિની			
					વસ્તી	ટકાવારી	વસ્તી	ટકાવારી	અનુસૂચિત જાતિની બેઠકો માટે	અનુસૂચિત આદિજાતિની બેઠકો માટે
૧	૨	૩	૪	૫	૬(૧)	૬(૨)	૭(૧)	૭(૨)	૮	૯
		૩- બચકરીયા	૬૩૧૩	૭૩૨૯	૩૮૮		૬૬૪૨			
		૪- ભાગલીયા	૨૬૮૦	૬૦૦૧	૨૫૯		૪૪૦૧			
		૨૦-ઝાલાસાગ	૧૯૮૫	૬૪૩૪	૧૨૫		૬૨૫૦			
		કુલ	૧૭૨૦૧	૩૦૯૬૮	૧૪૧૧	૪.૫૬	૨૭૪૭૯	૮૮.૭૩	૧૮	૫
૨	બાકોર તા: ખાનપુર	૧-બાકોર	૪૭૦૪	૬૯૯૦	૫૪૦		૧૨૨૬			
		૩-બોરવાઇ	૨૫૦૭	૫૬૦૦	૩૨૪		૧૦૪૧			
		૫-ધુળેટા	૨૫૩૧	૬૭૩૩	૯૮		૫૦			
		૧૩-નરોડા	૩૮૩૦	૬૭૯૩	૨૫૨		૩			
		૧૫-પાંડરવાડા	૩૦૯૫	૫૬૬૧	૩૬૫		૯૮૩			
		કુલ	૧૬૬૬૭	૩૧૭૭૭	૧૫૭૯	૪.૯૭	૩૩૦૩	૧૦.૩૯	૧૫	૧૬
૩	બટકવાડા તા: સંતરામપુર	૨-બટકવાડા	૯૦૨૨	૯૦૨૨	૨૬૮		૮૫૭૧			
		૩-ભાણાસીમલ	૫૯૩૭	૮૭૧૪	૨૪૬		૮૪૩૦			
		૨૧-સીમલીયા	૭૧૪૬	૯૫૮૮	૧૧૨		૯૪૪૦			
		૧૪-ખેડાપા	૮૮૨૧	૮૮૨૧	૨૬૬		૮૪૮૫			
		કુલ	૩૦૯૨૬	૩૬૧૪૫	૮૯૨	૨.૪૭	૩૪૯૨૬	૯૬.૬૩	૨૩	૧
૪	ભલાડા તા:લુણાવાડા	૨૧-વરઘરી	૩૧૬૮	૬૯૯૯	૮૧૬		૨૬૮			
		૭-કસલાલ	૩૧૬૫	૬૭૫૭	૨૫૬		૧૨૫			
		૧૪-નમનાર	૨૬૧૩	૬૭૦૭	૫૯૨		૬૩૫			
		૧૧-લકડીપોયડા	૨૬૮૮	૬૬૧૨	૨૫૪		૦			
		૧-ભલાડા	૪૧૩૨	૭૦૦૭	૫૪૧		૪૨			
		કુલ	૧૫૭૬૬	૩૪૦૮૨	૨૪૫૯	૭.૨૧	૧૦૭૦	૩.૧૪	૬	૨૧
૫	ડેભારી તા: વિરપુર	૭-ખાટા	૨૯૬૧	૫૬૦૪	૩૮૧		૦			
		૧૦-કોયલા	૩૩૦૧	૬૨૫૭	૭૮૦		૯			
		૧૧-કુંભરવાડી	૨૮૨૨	૫૧૭૮	૧૯૫		૦			
		૨-બારોડા	૧૭૮૭	૫૫૨૬	૨૬૫		૦			
		૪-ડેભારી	૫૧૩૧	૫૪૭૧	૪૩૭		૩૩			
		૮-ખેરોલી	૨૨૫૭	૫૧૪૧	૩૪૧		૫૪			
		કુલ	૧૮૨૫૯	૩૩૧૭૭	૨૩૯૯	૭.૨૩	૯૬	૦.૨૯	૫	૨૮

જિલ્લા પંચાયત મતદાર મંડળનો ક્રમાંક તથા મતદાર મંડળનું નામ અને તાલુકાનું નામ		મતદાર મંડળમાં સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળના નામ તથા નંબર	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ ધરાવતા ગામની વસ્તી	સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળની વસ્તી તથા જિ.પં. મતદાર મંડળની કુલ વસ્તી	જિલ્લા પંચાયતના મતદાર મંડળની				જિલ્લા પંચાયતના મતદાર મંડળનો ખાસ ક્રમાંક	
					અનુસૂચિત જાતિની		અનુસૂચિત આદિજાતિની			
					વસ્તી	ટકાવારી	વસ્તી	ટકાવારી	અનુસૂચિત જાતિની બેઠકો માટે	અનુસૂચિત આદિજાતિની બેઠકો માટે
૧	૨	૩	૪	૫	૬(૧)	૬(૨)	૭(૧)	૭(૨)	૮	૯
૬	ડીટવાસ તા: કડાણા	૫-ડીટવાસ	૪૬૨૧	૬૭૭૮	૧૪૧		૫૭૦૬			
		૭-ગોધર ઉત્તર	૧૭૭૧	૮૧૦૪	૧૫૧		૭૮૮૪			
		૧૨-મોટીરાઠ	૨૬૭૭	૬૯૧૩	૧૦૨		૬૭૫૦			
		૧૪-નાનીરાઠ	૧૫૨૭	૫૬૩૬	૩૧		૫૫૭૩			
		૧૫-સરસવા.ઉ	૩૦૬૯	૬૨૫૫	૮૧૧		૫૧૫૮			
		કુલ	૧૩૬૬૫	૩૩૬૮૬	૧૨૩૬	૩.૬૭	૩૧૦૭૧	૯૨.૨૪	૨૧	૩
૭	ગામડી તા: ગોધર	૧૦-મોવાસા	૨૧૨૨	૩૪૨૪	૯૮		૨૯૪૩			
		૫-ગામડી	૨૭૦૩	૩૦૩૪	૧૩૮		૨૮૮૨			
		૩-છાયણ	૧૦૧૪	૨૯૭૪	૨૦૩		૧૭૩૧			
		૬-કાળીબેલ જૂની	૨૦૧૬	૩૯૨૨	૧૨૧		૩૦૩૭			
		૮-મોહીલાપડ	૯૦૨	૩૦૧૬	૧૬૯		૨૩૫૩			
		૯-મોટીસરસણ	૧૧૪૫	૩૮૩૫	૩૩૨		૧૮૨૦			
		૨-બોઈડીયા	૮૨૫	૩૦૭૨	૩૧૭		૧૬૫૫			
		૪-ધામોતના મોહીલા	૧૩૪૧	૩૩૭૧	૧૦૧		૨૩૪૦			
		કુલ	૧૨૦૬૮	૨૬૬૪૮	૧૪૭૯	૫.૫૫	૧૮૭૬૧	૭૦.૪૦	૧૧	૧૧
૮	ગોઠીબ તા: સંતરામપુર	૯-ગોઠીબ	૫૨૦૩	૬૭૦૬	૧૬૩		૫૪૨૮			
		૧૬-મોટીભુગેડી	૪૨૬૭	૭૩૮૭	૧૨૫		૭૦૭૭			
		૧૭-નાનીભુગેડી	૩૬૫૮	૭૨૪૯	૨૩		૬૬૭૧			
		૧-બાબરોલ	૪૫૯૨	૬૮૪૩	૧૦૭		૬૧૩૯			
		કુલ	૧૭૭૨૦	૨૮૧૮૫	૪૧૮	૧.૪૮	૨૫૩૧૫	૮૯.૮૨	૨૭	૪
૯	ગોઠીબડા તા: સંતરામપુર	૧૦-ગોઠીબડા	૨૭૯૯	૮૮૬૮	૪૯		૭૮૬૭			
		૨૦-રાણીજીની પાદેડી	૨૨૫૬	૬૯૦૭	૩૩		૫૦૮૧			
		૫-બુગડ	૧૭૬૯	૭૪૯૧	૧૯૭		૭૧૩૦			
		કુલ	૬૮૨૪	૨૩૨૬૬	૨૭૯	૧.૨૦	૨૦૦૭૮	૮૬.૩૦	૨૮	૬
૧૦	હાથીવન તા: કોઠંબા	૧-બામણવાડ	૧૫૫૧	૪૨૪૨	૧૯૮		૧૦૨૪			
		૩-ધામણીયા	૧૫૦૫	૩૪૪૦	૨૨૩		૩૫૮			
		૪-હાથીવન	૩૦૯૩	૪૦૮૨	૭૨		૩૨૧			

જિલ્લા પંચાયત મતદાર મંડળનો ક્રમાંક તથા મતદાર મંડળનું નામ અને તાલુકાનું નામ		મતદાર મંડળમાં સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળના નામ તથા નંબર	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ ધરાવતા ગામની વસ્તી	સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળની વસ્તી તથા જિ.પં. મતદાર મંડળની કુલ વસ્તી	જિલ્લા પંચાયતના મતદાર મંડળની				જિલ્લા પંચાયતના મતદાર મંડળનો ખાસ ક્રમાંક	
					અનુસૂચિત જાતિની		અનુસૂચિત આદિજાતિની			
					વસ્તી	ટકાવારી	વસ્તી	ટકાવારી	અનુસૂચિત જાતિની બેઠકો માટે	અનુસૂચિત આદિજાતિની બેઠકો માટે
૧	૨	૩	૪	૫	૬(૧)	૬(૨)	૭(૧)	૭(૨)	૮	૯
		૫-જેથરીબોર	૧૬૦૮	૪૧૮૩	૦		૩૧૩૮			
		૧૧-કુંડા	૧૭૩૭	૪૨૭૧	૪૨૮		૨૨			
		૧૩-માખલીયા	૧૯૨૧	૪૧૪૭	૧૧૪		૨૨			
		૧૪-નવી શીંગ્નલી	૧૫૩૬	૩૬૭૩	૨૩૮		૨૦૦			
		૧૨-લાડવેલ	૨૩૨૭	૪૫૯૦	૨૨૭		૬			
		કુલ	૧૫૨૭૮	૩૨૬૨૮	૧૫૦૦	૪.૬૦	૫૦૯૧	૧૫.૬૦	૧૭	૧૫
૧૧	કારંટા તા: ખાનપુર	૪-ઢોલખાખરા	૨૦૦૭	૭૪૭૩	૨૨૦		૫૯૮૪			
		૮-કનોડ	૧૩૪૧	૪૧૮૧	૫		૫૧૫			
		૯-કારંટા	૩૧૩૧	૬૨૦૯	૩૭૦		૨૨			
		૧૧-મેણા	૨૨૧૮	૫૬૩૫	૬૯		૨૯૯			
		૧૨-મોટા ખાનપુર	૨૬૯૮	૫૭૭૧	૭૦૨		૬૨૬			
		૧૪-નવાગામ	૧૭૬૨	૬૦૭૩	૪૫૪		૧૮૪૩			
		કુલ	૧૩૧૫૭	૩૫૩૪૨	૧૮૨૦	૫.૧૫	૯૨૮૯	૨૬.૨૮	૧૩	૧૩
૧૨	કોઠા તા: લુણાવાડા	૫-હીન્દોલીયા	૧૪૯૦	૭૧૭૨	૨૬૯		૧૦			
		૧૨-મલેકપુર	૧૫૨૫	૭૦૧૪	૩૯૩		૩૧			
		૧૭-શામણા	૧૧૭૫	૮૦૬૪	૧૧૧૬		૪૭૮			
		૧૦-કોઠા	૧૬૭૮	૬૭૮૫	૮૯૭		૫૯૬			
		કુલ	૫૮૬૮	૨૯૦૩૫	૨૬૭૫	૯.૨૧	૧૧૧૫	૩.૮૪	૧	૨૦
૧૩	કોઠંબા તા: કોઠંબા	૨-ભોજા	૨૯૧૧	૪૩૫૩	૩૬૧		૬૬૬			
		૬-કૌચીયા	૨૫૪૨	૩૭૯૧	૦		૫૩૧			
		૭-ખારોલ-૧	૩૬૪૨	૩૬૪૨	૧૫		૭			
		૮-ખારોલ-૨	૨૦૯૬	૩૫૭૨	૪૯૬		૯૫૩			
		૯-કોઠંબા-૧	૪૦૫૬	૪૦૫૬	૧૫૫		૦			
		૧૦-કોઠંબા-૨	૩૪૮૧	૩૪૮૧	૮૨૭		૪૦			
		૧૫-રાબડીયા	૩૮૦૭	૩૮૦૭	૧૩૪		૦			
		૧૬-થાણાસાવલી	૩૨૭૧	૪૪૭૬	૩૪૩		૭૦૮			
		કુલ	૨૫૮૦૬	૩૧૧૭૮	૨૩૩૧	૭.૪૮	૨૯૦૫	૯.૩૨	૪	૧૭

જિલ્લા પંચાયત મતદાર મંડળનો ક્રમાંક તથા મતદાર મંડળનું નામ અને તાલુકાનું નામ		મતદાર મંડળમાં સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળના નામ તથા નંબર	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ ધરાવતા ગામની વસ્તી	સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળની વસ્તી તથા જિ.પં. મતદાર મંડળની કુલ વસ્તી	જિલ્લા પંચાયતના મતદાર મંડળની				જિલ્લા પંચાયતના મતદાર મંડળનો ખાસ ક્રમાંક	
					અનુસૂચિત જાતિની		અનુસૂચિત આદિજાતિની			
					વસ્તી	ટકાવારી	વસ્તી	ટકાવારી	અનુસૂચિત જાતિની બેઠકો માટે	અનુસૂચિત આદિજાતિની બેઠકો માટે
૧	૨	૩	૪	૫	૬(૧)	૬(૨)	૭(૧)	૭(૨)	૮	૯
૧૪	કોયડમ તા: વિરપુર	૩- ભાટપુર	૩૪૦૩	૬૦૧૦	૩૪૩		૦			
		૬-ખરોડ	૩૫૧૦	૬૪૪૦	૪૪૩		૧૨			
		૯- કોયડમ	૫૧૦૮	૬૦૪૯	૩૩૮		૯૬			
		૧૨-લીંમરવાડા	૪૦૮૭	૪૭૮૮	૨૯૯		૦			
		૧૩-સાલૈયા	૨૨૯૨	૪૯૬૮	૩૨૮		૦			
		૧૫-સારીયા	૨૨૭૬	૫૨૩૪	૨૧૭		૦			
		કુલ	૨૦૬૭૬	૩૩૪૮૯	૧૯૬૮	૫.૮૮	૧૦૮	૦.૩૨	૧૦	૨૬
૧૫	લીમડી તા: સંતરામપુર	૬-ડોળી	૬૩૨૪	૯૬૮૩	૪૮૮		૮૦૦૭			
		૮-ગાડીયા	૩૮૯૯	૭૫૬૨	૮૪		૭૦૬૧			
		૧૫-લીમડી	૭૩૩૮	૭૩૩૮	૦		૭૧૪૮			
		૨૪-ઉબેર	૪૮૧૯	૭૪૯૪	૧૬૦		૫૯૬૦			
		૧૮-નાનીરેલ	૩૨૦૨	૬૯૯૭	૨૬		૪૭૮૦			
		કુલ	૨૫૫૮૨	૩૯૦૭૪	૭૫૮	૧.૯૪	૩૨૯૫૬	૮૪.૩૪	૨૫	૭
૧૬	માલવણ તા: કડાણા	૯-કુરેટા	૨૪૯૭	૬૯૭૮	૭૭		૫૫૫૦			
		૧૦-લાડપુર	૧૭૪૪	૫૭૨૩	૦		૪૦૧૨			
		૧૧-માલવણ	૪૪૭૩	૬૧૩૪	૫૨૧		૪૦૮૧			
		૧૬-શિયાલ	૨૬૪૭	૬૬૦૧	૧૫૩		૫૬૬૯			
		૧૮-વડાઝાપા	૨૯૩૨	૬૫૭૮	૫૩૨		૪૨૯૮			
		કુલ	૧૪૨૯૩	૩૨૦૧૪	૧૨૮૩	૪.૦૧	૨૩૬૧૦	૭૩.૭૫	૧૯	૯
૧૭	મુનપુર તા: કડાણા	૬-દિવડા	૧૪૬૦	૬૯૭૩	૨૬૦		૪૧૫૬			
		૮-કડાણા	૧૫૨૦	૬૩૧૭	૩૭૮		૩૧૮૫			
		૧૩-મુનપુર	૧૯૪૧	૫૯૭૮	૧૭૩		૨૩૯૪			
		૧૭-ઠાકોરના નાઘા	૧૮૦૦	૮૩૬૨	૪૩૨		૫૨૯૦			
		૧૯-વેલણવાડા	૧૬૦૯	૫૨૪૭	૭૦		૪૧૧૪			
		કુલ	૮૩૩૦	૩૨૮૭૭	૧૩૧૩	૩.૯૯	૧૯૧૩૯	૫૮.૨૧	૨૦	૧૨
૧૮	નરસીંગપુર તા: સંતરામપુર	૧૧-હીરાપુરા	૨૩૯૦	૬૯૪૬	૫૨૦		૫૦૬૪			
		૧૨-જાનવડ	૨૨૬૫	૬૯૧૨	૫૪		૬૦૩૫			

જિલ્લા પંચાયત મતદાર મંડળનો ક્રમાંક તથા મતદાર મંડળનું નામ અને તાલુકાનું નામ		મતદાર મંડળમાં સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળના નામ તથા નંબર	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ ધરાવતા ગામની વસ્તી	સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળની વસ્તી તથા જિ.પં. મતદાર મંડળની કુલ વસ્તી	જિલ્લા પંચાયતના મતદાર મંડળની				જિલ્લા પંચાયતના મતદાર મંડળનો ખાસ ક્રમાંક	
					અનુસૂચિત જાતિની		અનુસૂચિત આદિજાતિની			
					વસ્તી	ટકાવારી	વસ્તી	ટકાવારી	અનુસૂચિત જાતિની બેઠકો માટે	અનુસૂચિત આદિજાતિની બેઠકો માટે
૧	૨	૩	૪	૫	૬(૧)	૬(૨)	૭(૧)	૭(૨)	૮	૯
		૧૯-નરસીંગપુર	૩૨૪૨	૭૨૪૬	૬૪		૫૭૩૭			
		૨૨-શણબાર	૨૮૩૧	૮૧૮૧	૦		૭૮૨૫			
		કુલ	૧૦૭૨૮	૨૯૨૮૫	૬૩૮	૨.૧૮	૨૪૬૬૧	૮૪.૨૧	૨૪	૮
૧૯	પાંડવા તા: બાલાસિનોર	૨-દેવ	૩૩૮૩	૫૪૭૨	૨૭૭		૮			
		૬-જેઠોલી	૫૧૬૫	૬૯૧૯	૩૫૦		૩૪૮			
		૭-કંબોપા	૩૦૨૩	૬૩૨૯	૩૩૪		૭			
		૧૧-પાંડવા	૬૨૬૫	૬૨૬૫	૧૦		૦			
		૧૨-પાંડવા	૧૮૩૩	૬૬૪૬	૭૦૭		૧૯૬			
		૧૩-રૈયોલી	૩૧૦૫	૫૪૫૩	૩૬૧		૦			
		કુલ	૨૨૭૭૪	૩૭૦૮૪	૨૦૩૯	૫.૫૦	૫૫૯	૧.૫૧	૧૨	૨૩
૨૦	પટણ તા: લુણાવાડા	૧૬- રાજગઢ	૧૯૯૫	૬૭૨૦	૪૪૦		૮૬૮			
		૨-ભમરા	૧૪૭૩	૭૮૦૨	૭૬૧		૪૨૧			
		૧૩-મોટા સોનેલા	૧૯૭૮	૬૬૦૨	૬૮૬		૩૨૩			
		૧૫-પટ્ટણ	૨૨૮૨	૭૨૫૦	૩૮૭		૭૪૧			
		કુલ	૭૭૨૮	૨૮૩૭૪	૨૨૭૪	૮.૦૧	૨૩૫૩	૮.૨૯	૩	૧૮
૨૧	સલિયાવડી તા: બાલાસિનોર	૪-હાંડીયા	૨૧૭૯	૬૪૭૦	૫૯૭		૨૩૦			
		૫-જનોડ	૨૫૫૦	૬૪૭૫	૮૩૫		૭૩૩			
		૮-મેધલીયા	૨૯૫૦	૫૮૩૬	૨૧૯		૧૦			
		૧૪-સલીયાવડી	૪૫૨૭	૬૯૮૧	૯૭૯		૬૬૨			
		૧૫-સરોડા	૩૫૨૯	૫૮૪૦	૫૧૧		૦			
		૧૮-વણાંકબોરી	૨૧૦૬	૫૬૦૩	૧૦૦		૬૯			
		કુલ	૧૭૮૪૧	૩૭૨૦૫	૩૨૪૧	૮.૭૧	૧૭૦૪	૪.૫૮	૨	૧૯
૨૨	સરસ્વા તા: ગોધર	૧૧-ઓરા	૧૧૮૫	૩૭૨૩	૧૭૫		૨૦૮૫			
		૧-આંજણવા	૩૦૫૮	૩૯૨૯	૧૧૧		૧૬૬૩			
		૭-માંચોડ	૨૩૧૨	૩૪૯૯	૧૮૪		૨૬૭૦			
		૧૨-પાંચમુવા	૧૪૭૭	૨૯૩૮	૨૧		૨૮૯૯			
		૧૩-સરસ્વા	૨૪૬૬	૩૯૪૧	૧૧૪		૨૪૦૪			
		૧૪-સાતકુંડા	૧૫૪૧	૩૦૪૬	૦		૨૬૧૯			

જિલ્લા પંચાયત મતદાર મંડળનો ક્રમાંક તથા મતદાર મંડળનું નામ અને તાલુકાનું નામ		મતદાર મંડળમાં સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળના નામ તથા નંબર	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ ધરાવતા ગામની વસ્તી	સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળની વસ્તી તથા જિ.પં. મતદાર મંડળની કુલ વસ્તી	જિલ્લા પંચાયતના મતદાર મંડળની				જિલ્લા પંચાયતના મતદાર મંડળનો ખાસ ક્રમાંક	
					અનુસૂચિત જાતિની		અનુસૂચિત આદિજાતિની			
					વસ્તી	ટકાવારી	વસ્તી	ટકાવારી	અનુસૂચિત જાતિની બેઠકો માટે	અનુસૂચિત આદિજાતિની બેઠકો માટે
૧	૨	૩	૪	૫	૬(૧)	૬(૨)	૭(૧)	૭(૨)	૮	૯
		૧૫-વાંકડી	૪૬૫	૩૬૮૬	૬૯		૨૨૮૬			
		૧૬-વેણા	૨૯૬૦	૩૬૪૫	૩૨		૩૪૯૦			
		કુલ	૧૫૪૬૪	૨૮૪૦૭	૭૦૬	૨.૪૯	૨૦૧૧૬	૭૦.૮૧	૨૨	૧૦
૨૩	ઉખરેલી તા: સંતરામપુર	૭-ગડા	૨૫૫૪	૮૩૨૬	૩૬		૭૮૧૦			
		૪-ભંડારા	૩૯૫૪	૮૨૦૮	૧૬૧		૮૦૧૪			
		૧૩-કણજરા	૧૯૬૧	૮૪૮૭	૭૬		૭૬૦૪			
		૨૩-ઉખરેલી	૪૮૨૬	૭૮૯૧	૨૮૬		૭૩૦૧			
		કુલ	૧૩૨૯૫	૩૨૯૧૨	૫૫૯	૧.૭૦	૩૦૭૨૯	૯૩.૩૭	૨૬	૨
૨૪	ઉદરા તા: લુણાવાડા	૨૦-ઉદરા	૬૬૮૮	૬૬૮૮	૩૮૩		૦			
		૯-કોલવણ	૩૩૫૩	૮૦૨૨	૩૦૮		૨૭૩			
		૩-ચાંપેલી	૨૭૯૬	૭૩૪૭	૩૭૭		૪			
		૧૮-ઉચરપી	૧૯૫૦	૬૦૮૫	૩૮૭		૬૪			
		૮-ખેમપુર	૨૦૫૧	૬૫૪૫	૨૬૨		૦			
		કુલ	૧૬૮૩૮	૩૪૦૮૭	૧૭૧૭	૫.૦૪	૩૪૧	૧.૦૦	૧૪	૨૪
૨૫	વડદલા તા:બાલાસિનોર	૧-ભાંથલા	૫૧૨૮	૫૧૨૮	૧૫૩		૩૨			
		૩-ગુંથલી	૩૧૦૭	૫૬૦૮	૩૦૪		૧૫			
		૯-નવગામા	૧૫૯૫	૫૨૬૮	૩૭૧		૦			
		૧૦-ઓથવાડ	૬૮૪૧	૬૯૩૧	૪૮૨		૦			
		૧૬-વડદલા	૪૭૦૬	૪૭૦૬	૪૫૨		૧૭			
		૧૭-વડદલા	૪૫૬૩	૪૫૬૩	૩૫૦		૩૨			
		કુલ	૨૫૯૪૦	૩૨૨૦૪	૨૧૧૨	૬.૫૬	૯૬	૦.૩૦	૭	૨૭
૨૬	વડાગામ તા: ખાનપુર	૨-ભાદરોડ	૩૦૮૨	૫૩૧૩	૧૫૮		૩૪૦			
		૬-ગાંગટા	૨૩૩૮	૫૧૩૦	૧૩૨		૨૮			
		૭-કાનેસર	૧૯૮૦	૬૨૫૨	૩૧૩		૮૬			
		૧૦-લીમડીયા	૩૪૮૮	૬૧૨૫	૮૧૯		૬૬			
		૧૬-વડાગામ	૬૧૦૨	૬૧૦૨	૪૨૬		૮૧			
		કુલ	૧૬૯૯૦	૨૮૯૨૨	૧૮૪૮	૬.૩૯	૬૦૧	૨.૦૮	૮	૨૨

જિલ્લા પંચાયત મતદાર મંડળનો ક્રમાંક તથા મતદાર મંડળનું નામ અને તાલુકાનું નામ		મતદાર મંડળમાં સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળના નામ તથા નંબર	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ ધરાવતા ગામની વસ્તી	સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળની વસ્તી તથા જિ.પં. મતદાર મંડળની કુલ વસ્તી	જિલ્લા પંચાયતના મતદાર મંડળની				જિલ્લા પંચાયતના મતદાર મંડળનો ખાસ ક્રમાંક	
					અનુસૂચિત જાતિની		અનુસૂચિત આદિજાતિની			
					વસ્તી	ટકાવારી	વસ્તી	ટકાવારી	અનુસૂચિત જાતિની બેઠકો માટે	અનુસૂચિત આદિજાતિની બેઠકો માટે
૧	૨	૩	૪	૫	૬(૧)	૬(૨)	૭(૧)	૭(૨)	૮	૯
૨૭	વિરણીયા તા: લુણાવાડા	૧૯-ઉકરડી	૧૫૦૭	૭૫૦૧	૩૩૪		૧૧૦૦			
		૬-કાકચીયા	૧૮૯૫	૬૬૨૬	૬૯૩		૧૫૮૧			
		૪-ડોકેલાવ	૧૪૫૧	૮૮૫૮	૪૧૫		૧૯૦૯			
		૨૨-વિરણીયા	૩૬૮૦	૭૯૦૫	૪૦૭		૧૩૭૭			
		કુલ	૮૫૩૩	૩૦૮૯૦	૧૮૪૯	૫.૯૯	૫૯૬૭	૧૯.૩૨	૯	૧૪
૨૮	વિરપુર તા:વિરપુર	૧-બાર	૬૦૦૦	૬૦૦૦	૧૪૨		૦			
		૫- જોધપુર	૧૫૨૪	૬૧૫૮	૩૬૧		૫૫			
		૧૬-વરધરા	૧૦૫૮	૫૧૩૩	૨૩૬		૦			
		૧૭-વિરપુર-૧	૫૨૦૬	૫૨૦૬	૩૮૬		૧૦			
		૧૮-વિરપુર-૨	૫૦૩૨	૫૦૩૨	૧૩		૪૯			
		૧૪-સરાડીયા	૬૦૯૮	૬૦૯૮	૪૪૫		૧૮			
		કુલ	૨૪૯૧૮	૩૩૬૨૭	૧૫૮૩	૪.૭૧	૧૩૨	૦.૩૯	૧૬	૨૫
એકંદરે કુલ				૮૯૬૫૬૮	૪૪૩૬૬	૪.૯૫	૩૪૩૫૭૧	૩૮.૩૨		

જે તે જિલ્લા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોની યાદી તાલુકા પંચાયત મતદાર મંડળવાર આ સાથે સામેલ અનુસૂચિ-૨માં જણાવ્યા મુજબ રહે છે.

૧૪. જાહેરનામા અન્વયે અનામત રખાયેલ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિની બેઠકો (આ વર્ગની સ્ત્રીઓ માટેની બેઠકો સહિત) ઉપર પેરા ૭ અને ૮માં જણાવ્યા મુજબ નિયમો અન્વયે વિહિત થયા મુજબ ઉપરોક્ત પત્રકના કોલમ નં. ૮ તથા ૯માં જણાવેલ ખાસ ક્રમાંક મુજબ નીચે જણાવેલા મતદાર મંડળોમાં ફાળવવાની થાય.

મતદાર મંડળનો નંબર	મતદાર મંડળનું નામ	તાલુકાનું નામ	મતદાર મંડળનો ખાસ ક્રમાંક (જે તે વર્ગ માટે)	અ.જા/ અ.જ.જા. માટે ફાળવવાની બેઠકનો પ્રકાર (સ્ત્રી બેઠક સહિત)
૧	૨	૩	૪	૫
અનુસૂચિત જાતિ				
૧૨	કોઠા	લુણાવાડા	૧	અનુસૂચિત જાતિ
અનુસૂચિત આદિજાતિ				
૧	બચકરીયા ઉત્તર	કડાણા	૫	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૩	બટકવાડા	સંતરામપુર	૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૬	ડીટવાસ	કડાણા	૩	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૮	ગોઠીબ	સંતરામપુર	૪	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૯	ગોઠીબડા	સંતરામપુર	૬	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી

મતદાર મંડળનો નંબર	મતદાર મંડળનું નામ	તાલુકાનું નામ	મતદાર મંડળનો ખાસ ક્રમાંક (જે તે વર્ગ માટે)	અ.જા/ અ.જ.જા. માટે ફાળવવાની બેઠકનો પ્રકાર (સ્ત્રી બેઠક સહિત)
૧	૨	૩	૪	૫
૨૩	ઉખરેલી	સંતરામપુર	૨	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૭	ગામડી	ગોધર	૧૧	અનુસૂચિત આદિજાતિ
૧૫	લીંબડી	સંતરામપુર	૭	અનુસૂચિત આદિજાતિ
૧૬	માલવણ	કડાણા	૯	અનુસૂચિત આદિજાતિ
૧૮	નરસીંગપુર	સંતરામપુર	૮	અનુસૂચિત આદિજાતિ
૨૨	સરસ્વા	ગોધર	૧૦	અનુસૂચિત આદિજાતિ

૧૫. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો જે મતદાર મંડળોમાં ફાળવાઈ હોય તે સિવાયનાં મતદાર મંડળોમાં પેરા ૯ માં જણાવ્યા મુજબ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની (આ વર્ગની સ્ત્રીઓ સહિત) બેઠકો સામાન્ય ક્રમાંક મુજબ નીચે જણાવેલ મતદાર મંડળોમાં ફાળવવાની થાય.

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	તાલુકાનું નામ	ફાળવવાની બેઠકનો પ્રકાર
૨	બાકોર	ખાનપુર	સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી
૪	ભલાડા	લુણાવાડા	સા.શૈ. પછાતવર્ગ
૫	ડેભારી	વિરપુર	સા.શૈ. પછાતવર્ગ

૧૬. નિયમોના નિયમ-૬ અને ૭ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે અનામત રખાયેલ બેઠકો જે મતદાર મંડળમાં ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળોમાં ઉપર પેરા ૧૦ તથા ૧૧ માં જણાવ્યા મુજબ મતદાર મંડળના સામાન્ય ક્રમાંક મુજબ જાહેરનામા અન્વયે વિહિત થયેલ બેઠકો નીચેના મતદાર મંડળોમાં અનુક્રમે સામાન્ય સ્ત્રી માટે તથા બિનઅનામત સામાન્ય બેઠકો ફાળવવાની થાય છે.

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	તાલુકાનું નામ	ફાળવવાની બેઠકનો પ્રકાર
૧૦	હાથીવન	કોઠંબા	સામાન્ય સ્ત્રી
૧૧	કારંટા	ખાનપુર	સામાન્ય સ્ત્રી
૧૩	કોઠંબા	કોઠંબા	સામાન્ય સ્ત્રી
૧૪	કોયડમ	વિરપુર	સામાન્ય સ્ત્રી
૧૭	મુનપુર	કડાણા	સામાન્ય સ્ત્રી
૧૯	પાંડવા	બાલાસિનોર	સામાન્ય સ્ત્રી
૨૦	પટૃણ	લુણાવાડા	સામાન્ય સ્ત્રી
૨૧	સલિયાવડી	બાલાસિનોર	બિનઅનામત સામાન્ય
૨૪	ઉદરા	લુણાવાડા	બિનઅનામત સામાન્ય
૨૫	વડદલા	બાલાસિનોર	બિનઅનામત સામાન્ય
૨૬	વડાગામ	ખાનપુર	બિનઅનામત સામાન્ય
૨૭	વિરણીયા	લુણાવાડા	બિનઅનામત સામાન્ય
૨૮	વિરપુર	વિરપુર	બિનઅનામત સામાન્ય

૧૭. અનામત બેઠકોની ફાળવણી કઈ રીતે કરવી તે અંગે રાજ્ય સરકારે નિયમો ઘડયા છે. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા નં. કેપી-૧૯૯૪-૨૧૧-ઈએલસી-૧૦૯૪-૪૮-જી, તા. ૦૮-૦૯-૧૯૯૪ થી ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ બહાર પાડવામાં આવ્યા છે. ત્યારબાદ જાહેરનામા નં. કેપી-૭-ઓફ-૨૦૧૦-ઈએલસી-૧૦૨૦૧૦-૮૦૪-જી, તા. ૧૦-૦૫-૨૦૧૦ થી ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર મંડળોનું સીમાકન) નિયમો, ૨૦૧૦ બનાવવામાં આવેલ છે. આ નિયમોમાં નિયમ-૪ની જોગવાઈ મુજબ જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર મંડળોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ અને સ્ત્રીઓ માટેની અનામત બેઠકોની ફાળવણી એક પછીની બીજી સામાન્ય ચૂંટણીમાં રાજ્ય ચૂંટણી આયોગ શક્ય હોય ત્યાં સુધી વારાફરતી (રોટેશન કરી) કરશે. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા નં. કેપી-૨૦૧૫નો ૩૨-ઈએલસી-૧૦૨૦૧૦-૧૪૩(૪)-જી, તા. ૦૫-૦૮-૨૦૧૫ થી ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ના નિયમ ૪(૩), ૫ (૩), ૬ અને ૭ પછી પરંતુક ઉમેરવામાં આવેલ છે.

ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર વિભાગનું સીમાંકન) નિયમો, ૨૦૧૦ના નિયમ-૪ થી થયેલ જોગવાઈઓનો અમલ કરવા માટે રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-સ્થા.સ્વ.૧૪૧(૨)-૦૯૨૦૨૫-ક, તા. ૨૦-૦૯-૨૦૨૫થી નીચે મુજબના માર્ગદર્શક સિદ્ધાંતો નક્કી કરેલ છે. જેની ટૂંકમાં જોગવાઈ નીચે મુજબ છે :

(ક) જે જિલ્લા / તાલુકા પંચાયતોનું રોટેશન કરવાનું છે તે પંચાયતો તથા હદમાં ફેરફાર થયેલ હોય તેવી જિલ્લા / તાલુકા પંચાયતોમાં સને ૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે મતદાર મંડળોની રચના (સીમાંકન) થતાં આવી જિલ્લા / તાલુકા પંચાયતો માટે વર્ષ ૨૦૧૫, ૨૦૧૮ તથા ૨૦૨૧ની સામાન્ય ચૂંટણીમાં ફાળવેલ બેઠકોનું પુનરાવર્તન ન થાય તે માટે શક્ય હોય ત્યાં સુધી ફેરફાર કરી, કાયદા તેમજ નિયમોની જોગવાઈઓની મર્યાદામાં અનામત બેઠકોની વારાફરતી ફાળવણી કરવાની રહેશે.

(ખ) હદમાં ફેરફાર થયેલ હોય તેવી જિલ્લા / તાલુકા પંચાયતોમાં નવા સીમાંકન વખતે બેઠકોની વારાફરતી ફાળવણીમાં મતદાર મંડળનું નામ ધ્યાને લેવામાં આવશે. (ગામના આંતરિક ફેરફારોને ધ્યાને લેવાના રહેતા નથી.)

(ગ) છેલ્લા સીમાંકનમાં તથા છેલ્લી બેઠક ફાળવણીમાં જે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવાયેલ હોય તો તે મતદાર મંડળ પછીના બીજા ઉતરતા ખાસ ક્રમાંકમાં આવતા મતદાર મંડળમાં નિયમાનુસાર અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિ (જે તે વર્ગની સ્ત્રીને પ્રથમ પસંદગી આપી)ની બેઠક ફાળવવાની રહેશે.

(ઘ) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિની બેઠકોની વારાફરતી ફાળવણી કર્યા બાદ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બેઠકની ફાળવણી કરવાની રહેશે. છેલ્લા સીમાંકન તથા છેલ્લી બેઠક ફાળવણી વખતે જો કોઈ મતદાર મંડળમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની બેઠક ફાળવવામાં આવી હોય તો ત્યાર પછીના ક્રમમાં આવતા સામાન્ય ક્રમાંકમાં જે મતદાર મંડળ આવતું હોય તે મતદાર મંડળમાં નિયમાનુસાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની બેઠકો (સ્ત્રી બેઠકને પ્રથમ પસંદગી આપી) ફાળવવાની રહેશે. સ્ત્રી અનામત બેઠકોની ફાળવણી વખતે એક સામાન્ય ચૂંટણીથી બીજી સામાન્ય ચૂંટણી વખતે એટલે કે છેલ્લી સામાન્ય ચૂંટણીમાં ફાળવણી કરેલ બેઠકમાં શક્ય હોય તો ફરી વખત સ્ત્રી અનામત ન આવે તે રીતે બેઠક ફાળવણી કરવાની રહેશે.

૧૮. મહીસાગર જિલ્લા પંચાયતની આગામી સામાન્ય ચૂંટણી માટે સને-૨૦૧૧ ની વસતી ગણતરી આધારે સીમાંકન સાથે રોટેશન કરવાનું થતાં ૨૦૧૫ તથા ૨૦૨૧ ની સામાન્ય ચૂંટણીમાં ફાળવેલ બેઠકોનું પુનરાવર્તન ન થાય તે રીતે શક્ય હોય ત્યાં સુધી ફેરફાર કરી કાયદા તેમજ નિયમોની જોગવાઈઓની મર્યાદામાં અનામત બેઠકોની વારાફરતી ફાળવણી નીચે મુજબ કરવામાં આવે છે.

૧૯. જાહેરનામા અન્વયે અનામત રખાયેલ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિની બેઠકો (આ વર્ગની સ્ત્રીઓ માટેની અનામત બેઠકો સહિત) નિયમો અન્વયે વિહિત થયા મુજબ નીચે જણાવેલા મતદાર મંડળોમાં ફાળવવામાં આવે છે.

મતદાર મંડળનો નંબર	**મતદાર મંડળનું નામ**	**તાલુકાનું નામ**	**મતદાર મંડળનો ખાસ ક્રમાંક (જે તે વર્ગ માટે)**	**ફાળવવામાં આવેલ અ.જા / અ.જ.જા બેઠકનો પ્રકાર (સ્ત્રી બેઠક સહિત)**
૧	**૨**	**૩**	**૪**	**૫**
અનુસૂચિત જાતિ				
૧૨	કોઠા	લુણાવાડા	૧	અનુસૂચિત જાતિ
અનુસૂચિત આદિજાતિ				
૪	ભલાડા	લુણાવાડા	૨૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૫	ડેભારી	વિરપુર	૨૮	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી

મતદાર મંડળનો નંબર	મતદાર મંડળનું નામ	તાલુકાનું નામ	મતદાર મંડળનો ખાસ ક્રમાંક (જે તે વર્ગ માટે)	ફાળવવામાં આવેલ અ.જા / અ.જ.જા બેઠકનો પ્રકાર (સ્ત્રી બેઠક સહિત)
૧	૨	૩	૪	૫
૭	ગામડી	ગોધર	૧૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૨૧	સલિયાવડી	બાલાસિનોર	૧૯	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૧૭	નાનીરેલ	સંતરામપુર	૮	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૨૩	ઉખરેલી	સંતરામપુર	૨	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૨૮	વિરપુર	વિરપુર	૨૫	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૩	બટકવાડા	સંતરામપુર	૧	અનુસૂચિત આદિજાતિ
૧૪	કોયડમ	વિરપુર	૨૬	અનુસૂચિત આદિજાતિ
૧૮	નરસીંગપુર	સંતરામપુર	૮	અનુસૂચિત આદિજાતિ
૨૪	ઉદરા	લુણાવાડા	૨૪	અનુસૂચિત આદિજાતિ
૨૫	વડદલા	બાલાસિનોર	૨૭	અનુસૂચિત આદિજાતિ

૨૦. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો જે મતદાર મંડળોમાં ફાળવાઈ હોય તે સિવાયનાં મતદાર મંડળોમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની (આ વર્ગની સ્ત્રીઓ સહિત) બેઠકો સામાન્ય ક્રમાંક મુજબ નીચે જણાવેલ મતદાર મંડળોમાં ફાળવવામાં આવે છે.

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયતનું નામ	ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
૬	ડીટવાસ	કડાણા	સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી
૮	ગોઠીબ	સંતરામપુર	સા.શૈ. પછાતવર્ગ
૯	ગોઠીબડા	સંતરામપુર	સા.શૈ. પછાતવર્ગ

૨૧. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટે અનામત રખાયેલ બેઠકો જે મતદાર મંડળોમાં ફાળવાઈ હોય તે સિવાયનાં મતદાર મંડળોમાં સામાન્ય ક્રમાંક મુજબ જાહેરનામા અન્વયે વિહિત થયેલ બેઠકો નીચેના મતદાર મંડળોમાં અનુક્રમે સામાન્ય સ્ત્રી માટે તથા બિનઅનામત સામાન્ય બેઠકો ફાળવવામાં આવે છે.

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	તાલુકાનું નામ	ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
૧	બચકરીયા ઉત્તર	કડાણા	સામાન્ય સ્ત્રી
૨	બાકોર	ખાનપુર	સામાન્ય સ્ત્રી
૧૦	હાથીવન	કોઠંબા	સામાન્ય સ્ત્રી
૧૧	કારંટા	ખાનપુર	સામાન્ય સ્ત્રી
૧૭	મુનપુર	કડાણા	સામાન્ય સ્ત્રી
૨૦	પટૃણ	લુણાવાડા	સામાન્ય સ્ત્રી
૨૨	સરસ્વા (૫)	ગોધર	સામાન્ય સ્ત્રી
૧૩	કોઠંબા	કોઠંબા	બિનઅનામત સામાન્ય
૧૫	લીમડી	સંતરામપુર	બિનઅનામત સામાન્ય
૧૬	માલવણ	કડાણા	બિનઅનામત સામાન્ય
૧૯	પાંડવા	બાલાસિનોર	બિનઅનામત સામાન્ય
૨૬	વડાગામ	ખાનપુર	બિનઅનામત સામાન્ય
૨૭	વિરણીયા	લુણાવાડા	બિનઅનામત સામાન્ય

૨૨. ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩-ડ તથા ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ અને તે તળેના પ્રવર્તમાન નિયમોથી રાજ્ય ચૂંટણી આયોગને મળેલ સત્તાની રૂએ મહીસાગર જિલ્લા પંચાયતના મતદાર મંડળોની રચના કરવાનું અને અનુસૂચિ-૧ મુજબ મતદાર મંડળોમાં બેઠકો વારાફરતી ફાળવવાનો પ્રાથમિક આદેશ જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૩. નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ રાજ્ય ચૂંટણી આયોગે મતદાર મંડળોના સૂચિત સીમાંકન અને તે મતદાર મંડળોમાં અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે અનામત રાખેલ બેઠકોની ફાળવણી તે આખરી સ્વરૂપ આપતાં પહેલાં જાહેર જનતા પાસેથી તે અંગેના સૂચનો મંગાવવાના થાય છે.

આથી, આ મતદાર મંડળોની રચના અને બેઠકોની વારાફરતી ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે સામે જાહેર જનતાને કોઈપણ સૂચનો કરવાનાં હોય તો તે આદેશની તારીખથી ૭ (સાત) દિવસમાં સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સરદાર ભવન, નવા સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. આ સૂચનોની એક નકલ જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટરશ્રી, મહીસાગર ને પણ આપવાની રહેશે. મુદત પૂરી થયા બાદ મળેલ સૂચનો ધ્યાને લેવામાં આવશે નહિ.

૨૪. નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ, રાજ્ય ચૂંટણી આયોગ મતદાર મંડળોના સીમાંકન અને બેઠક ફાળવણી અંગેનો આ આદેશ આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે વિચાર-વિનિમય (Consult) કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી. ગોહિલ,

સચિવ.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-યુનિટ-૯-મહિસાગર-જિ.પં.-૨૦૨૬, તા. ૧૨/૦૩/૨૦૨૬નું સાંધણ

અનુસૂચિ-૧

જિલ્લાનું નામ : મહિસાગર **પંચાયતનું નામ : મહિસાગર**

અ.નં.	જિલ્લા પંચાયતનું નામ	મતદાર મંડળની વિગત		તાલુકાનું નામ	મતદાર મંડળનો ખાસ ક્રમાંક		ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
		સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ		અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	
૧	૨	૩(૧)	૩(૨)	૩(૩)	૪(૧)	૪(૨)	૫
૧	મહિસાગર	૧	બચકરીયા ઉત્તર	કડાણા	૧૮	૫	સામાન્ય સ્ત્રી
		૨	બાકોર	ખાનપુર	૧૫	૧૬	સામાન્ય સ્ત્રી
		૩	બટકવાડા	સંતરામપુર	૨૩	૧	અનુસૂચિત આદિજાતિ
		૪	ભલાડા	લુણાવાડા	૬	૨૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૫	ડેભારી	વિરપુર	૫	૨૮	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૬	ડીટવાસ	કડાણા	૨૧	૩	સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી
		૭	ગામડી	ગોધર	૧૧	૧૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૮	ગોઠીબ	સંતરામપુર	૨૭	૪	સા.શૈ. પછાતવર્ગ
		૯	ગોઠીબડા	સંતરામપુર	૨૮	૬	સા.શૈ. પછાતવર્ગ
		૧૦	હાથીવન	કોઠંબા	૧૭	૧૫	સામાન્ય સ્ત્રી
		૧૧	કારંટા	ખાનપુર	૧૩	૧૩	સામાન્ય સ્ત્રી
		૧૨	કોઠા	લુણાવાડા	૧	૨૦	અનુસૂચિત જાતિ
		૧૩	કોઠંબા	કોઠંબા	૪	૧૭	બિનઅનામત સામાન્ય
		૧૪	કોયડમ	વિરપુર	૧૦	૨૬	અનુસૂચિત આદિજાતિ
		૧૫	લીમડી	સંતરામપુર	૨૫	૭	બિનઅનામત સામાન્ય
		૧૬	માલવણ	કડાણા	૧૯	૯	બિનઅનામત સામાન્ય
		૧૭	મુનપુર	કડાણા	૨૦	૧૨	સામાન્ય સ્ત્રી

અ.નં.	જિલ્લા પંચાયતનું નામ	મતદાર મંડળની વિગત		તાલુકાનું નામ	મતદાર મંડળનો ખાસ ક્રમાંક		ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
		સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ		અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	
૧	૨	૩(૧)	૩(૨)	૩(૩)	૪(૧)	૪(૨)	૫
		૧૮	નરસીંગપુર	સંતરામપુર	૨૪	૮	અનુસૂચિત આદિજાતિ
		૧૯	પાંડવા	બાલાસિનોર	૧૨	૨૩	બિનઅનામત સામાન્ય
		૨૦	પટૃણ	લુણાવાડા	૩	૧૮	સામાન્ય સ્ત્રી
		૨૧	સલિયાવડી	બાલાસિનોર	૨	૧૯	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૨૨	સરસ્વા (૫)	ગોધર	૨૨	૧૦	સામાન્ય સ્ત્રી
		૨૩	ઉખરેલી	સંતરામપુર	૨૬	૨	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૨૪	ઉદરા	લુણાવાડા	૧૪	૨૪	અનુસૂચિત આદિજાતિ
		૨૫	વડદલા	બાલાસિનોર	૭	૨૭	અનુસૂચિત આદિજાતિ
		૨૬	વડાગામ	ખાનપુર	૮	૨૨	બિનઅનામત સામાન્ય
		૨૭	વિરણીયા	લુણાવાડા	૯	૧૪	બિનઅનામત સામાન્ય
		૨૮	વિરપુર	વિરપુર	૧૬	૨૫	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી

આર. જી. ગોહિલ,
સચિવ.

અનુસૂચિ-૨

મહીસાગર જિલ્લા પંચાયતની તાલુકાવાર તાલુકા પંચાયતોના મતદાર મંડળો તથા તેમાં સમાવિષ્ટ ગામોની યાદી

તાલુકા પંચાયત :- લુણાવાડા

અ.નં	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧	૨	૩	૪
૧	ભલાડા	૧	ભલાડા
		૨	ઉટડી
		૩	હાંસેલીયા
		૪	જીતપુર
		૫	ઢેસીયા
૨	ભમરા	૧	ભમરા
		૨	શેરો
		૩	લીબોદરા
		૪	સજજનપુર
		૫	મઘવાસ
		૬	પાતાપુર મ.
		૭	ચુવાણના મુવાડા
		૮	તરાલના મુવાડા
		૯	નપાણીયા
		૧૦	વાડી ઉડાફા
		૧૧	કાકાના ભેંસાવાડા
		૧૨	ચારણના ભેંસાવાડા

અ.નં	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧	૨	૩	૪
		૧૩	બારોટના મુવાડા
		૧૪	વાડી
૩	ચાંપેલી	૧	ચાંપેલી
		૨	દાણીયા
		૩	કાનેલા
		૪	સાલાવાડા
		૫	ચારણગામ સા.
૪	ડોકેલાવ	૧	ડોકેલાવ
		૨	જગાપગીના મુવાડા
		૩	નાળના મુવાડા
		૪	વેરામા
		૫	સરકારી ચમારીયા
		૬	કાકાના ચમારીયા
		૭	પાંચમહુડી
		૮	ઝારા
		૯	ભાણપુર
		૧૦	સુવા
		૧૧	સબલપુર
		૧૨	મોટા ડોકવા
		૧૩	નાના ડોકવા
		૧૪	પાનમપાલ્લા
૫	હીન્દોલીયા	૧	હીન્દોલીયા
		૨	રામપુર પાદેડી
		૩	પાદેડી (૨ા)
		૪	સોનીયાના મુવાડા
		૫	નાના વડદલા
		૬	મોટા વડદલા
		૭	સેમારાના મુવાડા
		૮	માનાજીના મુવાડા
		૯	સીમલીયા
		૧૦	ઘંટીયાડા
		૧૧	હાડાના મુવાડા
		૧૨	સડા
		૧૩	ઝરખવાડા
		૧૪	વેચાતના મુવાડા
૬	કાકચીયા	૧	કાકચીયા
		૨	ઘોડારીયા
		૩	ગઘનપુર

અ.નં	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧	૨	૩	૪
		૪	કોલીયાની મુવાડી
		૫	તણછીયા
		૬	મોતીઘોડા
		૭	વાંટા
		૮	પગીયાવાડ
		૯	આંબલીમુવાડા
		૧૦	મોટીચરેલ
		૧૧	નાનીચરેલ
		૧૨	જેસીંગપુર
		૧૩	પાંખી
		૧૪	ડોકેલીયાની મુવાડી
		૧૫	જુના કાળવા
		૧૬	ઘોળી
૭	કસલાલ	૧	કસલાલ
		૨	તરણોચા
		૩	દલાવાઇ સાવલી
૮	ખેમપુર	૧	ખેમપુર
		૨	જુફરાલી
		૩	ડેંટા
		૪	ઘામોદ
		૫	ચોરી
૯	કોલવણ	૧	કોલવણ
		૨	છાપરી મુવાડા
		૩	હાડોડ
		૪	ગરીયા
૧૦	કોઠા	૧	કોઠા
		૨	ચાવડાના મુવાડા
		૩	મોટી દેનાવાડ
		૪	નાના વાડોદર
		૫	અરીઠી
		૬	નાની દેનાવાડ
		૭	મોટા વાડોદર
		૮	નાનાદવે ના મુવાડા
		૯	સાગાના મુવાડા
		૧૦	રામપટેલના મુવાડા
		૧૧	અરીઠા
૧૧	લકડીપોયડા	૧	લકડીપોયડા
		૨	મોચીવાડીયા

અ.નં	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧	૨	૩	૪
		૩	સાઘકપુર
		૪	મોરાઇ
		૫	ચપટીયા
		૬	કલ્યાણ પુરા
		૭	ભુવાલ
૧૨	મલેકપુર	૧	મલેકપુર
		૨	દોલત પુરા
		૩	પાદેડી મ.
		૪	ભુલાખાંટની મુવાડી
		૫	ગોવિંદપુરા
		૬	હડમતીયા મ.
		૭	મહુડીયા
		૮	વાણીયાવાળાગોરાડા
		૯	ગોકળપુરા મ.
		૧૦	ગેગડીયા
		૧૧	ખુંધી
		૧૨	સવદાસની મુવાડી
		૧૩	વાઘજીબારીયાના મુવાડા
૧૩	મોટા સોનેલા	૧	મોટા સોનેલા
		૨	રાણપુર
		૩	આંકલવા
		૪	ચૌહાણના મુવાડા
		૫	કછોટીયાના મુવાડા
		૬	સવારાના મુવાડા
		૭	સાલેરા
૧૪	નમનાર	૧	નમનાર
		૨	ચારણગામ (નમનાર)
		૩	મોતીપુરા (વરધરી)
		૪	કડાછલા
૧૫	પટ્ટણ	૧	પટ્ટણ
		૨	પરમપુર
		૩	ચંદપુર
		૪	ગોહીલનામુવાડા
		૫	ભારથાજીની મુવાડી
		૬	ખાંટના ભેંસાવાડા
		૭	દલુખડીયા
		૮	પાવાપુર
		૯	માળીયા

અ.નં	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧	૨	૩	૪
		૧૦	નાના સોનેલા
		૧૧	હરદાસપુર
		૧૨	સેમરાના મુવાડા
૧૬	રાજગઢ	૧	રાજગઢ
		૨	ગોલાના પાલ્લા
		૩	તકતાજીના પાલ્લા
		૪	નાનીપાલ્લી
		૫	નવાગામ
		૬	વાંઘેલા
		૭	મોટી પાલ્લી
		૮	દલજીના ચાકલીયા
૧૭	શામણા	૧	શામણા
		૨	ચાવડી બાઈના મુવાડા
		૩	સોનેસરીયા મઠ
		૪	સેણાદરીયા ગોરાડા
		૫	સુતારી
		૬	વાડીના ગોરાડા
		૭	જુના ગોરાડા
		૮	ટોચના ગોરાડા
		૯	ફતાજીના ગોરાડા
		૧૦	ગઢવીના ગોરાડા
		૧૧	મેતાના ચાકલીયા
		૧૨	જીવણજીના છાપોરા
		૧૩	બુધાજીના છોપોરા
		૧૪	ટાંકાના મુવાડા
		૧૫	સવદાસના મુવાડા
		૧૬	ચાટકાબેલી
		૧૭	મોરમહુડી
		૧૮	સરગવા મહુડી
૧૮	ઉચરપી	૧	ઉચરપી
		૨	વેડ
		૩	કીડીયા
		૪	વખતપુર
		૫	લાલસર
		૬	કણજાવ
૧૯	ઉકરડી	૧	ઉકરડી
		૨	ચનસર
		૩	ચાવડીયા

અ.નં	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧	૨	૩	૪
		૪	કરણબારીયાના મુવાડા
		૫	ગોડના મુવાડા
		૬	મોટી ઝાંઝરી
		૭	નાની ઝાંઝરી
		૮	નવા મુવાડા
		૯	ચોપડા
		૧૦	ઘંટાવ
૨૦	ઉદરા	૧	ઉદરા
૨૧	વરઘરી	૧	વરઘરી
		૨	ભીમપુર
		૩	છાપરી
		૪	આગરવાડા
૨૨	વિરણીયા	૧	વિરણીયા
		૨	વાવીયા મુવાડા
		૩	ભાટપુર
		૪	ખોડા આંબા જંગલ
		૫	સાત તલાવ
		૬	મેડજીના મુવાડા
		૭	ખોડા આંબા
		૮	ભાયાસર
		૯	જુના મુવાડા
		૧૦	રામાવાટા
તાલુકા પંચાયતનું નામ :- કોઠંબા			
૧	બામણવાડ	૧	બામણવાડ
		૨	હરીપુરા
		૩	ગોકળપુરા(કો)
		૪	ભડખા
		૫	જેશોલા
		૬	માળીયાના મુવાડા
		૭	જોષીયાના મુવાડા
૨	ભોજા	૧	ભોજા
		૨	ટીંટોઇ
		૩	કોઠંબા(પાલ્લા)
૩	ધામણીયા	૧	ધામણીયા
		૨	હેલકેલડી
		૩	કમાલપુર
		૪	સેવાલીયા

અ.નં	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧	૨	૩	૪
		૫	ઝયડી
૪	હાથીવન	૧	હાથીવન
		૨	કાંકલીયા
૫	જેથરીબોર	૧	જેથરીબોર
		૨	કેળ
		૩	ગુગલીયા
		૪	સીમલેટ
		૫	ચુલડીયા
		૬	શિવરાજપુર
		૭	ગઢ
૬	કૌચીયા	૧	કૌચીયા
		૨	એરંડાના મુવાડા
		૩	વાંટાના મુવાડા
		૪	કોઠંબા વોર્ડ નં.૪
૭	ખારોલ-૧	૧	ખારોલ (વોર્ડ નં.૧, ૨, ૩, ૪, ૫, ૬, ૮)
૮	ખારોલ-૨	૧	ખારોલ (વોર્ડ નં.૭, ૧૦, ૧૧, ૧૨)
		૨	રામબારીયાના મુવાડા
		૩	જામાના મુવાડા
૯	કોઠંબા-૧	૧	કોઠંબા (વોર્ડ નં.૧, ૨, ૩, ૫, ૬, ૭)
૧૦	કોઠંબા-૨	૧	કોઠંબા (વોર્ડ નં.૮, ૯, ૧૦, ૧૧, ૧૨)
૧૧	કુંડા	૧	ખલાસપુર
		૨	કુંડા
		૩	ખાંટના મુવાડા
૧૨	લાડવેલ	૧	લાડવેલ
		૨	વાળીનાથ
		૩	હડમતીયા(કો)
૧૩	માખલીયા	૧	માખલીયા
		૨	છલાબારીયાના મુવાડા
		૩	કંતાર
૧૪	નવી શીંગ્નલી	૧	નવી શીંગ્નલી
		૨	જુની શીગ્નલી
		૩	જોખા
		૪	ગુગતા
		૫	ટીમ્બા
		૬	બેઢીયા
૧૫	રાબડીયા	૧	રાબડીયા
૧૬	થાણાસાવલી	૧	થાણાસાવલી
		૨	ફતેપુરા

અ.નં	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧	૨	૩	૪
		૩	ગુવાલીયા
તાલુકા પંચાયતનું નામ :- ખાનપુર			
૧	બાકોર	૧	બાકોર
		૨	વસ્તાના મુવાડા
		૩	લાડણના મુવાડા
		૪	હાસોલીયાના મુવાડા
		૫	મસાદરા
૨	ભાદરોડ	૧	ભાદરોડ
		૨	બામરોડા
		૩	છાપરી
		૪	વાકા
૩	બોરવાઈ	૧	બોરવાઈ
		૨	વાઢેલા
		૩	ખડોદી
		૪	દોલતપુરા
		૫	કાકરી મહુડી
		૬	ઢોકડી
૪	ઢોલખાખરા	૧	ઢોલખાખરા
		૨	લંભો
		૩	ઉડાવા
		૪	નેસડા
		૫	કાળા ખેતરા
		૬	મોર ખાખરા
		૭	છાણી
		૮	ખાતુડામોરની મુવાડી
		૯	રાંકલી
૫	ધુળેટા	૧	ધુળેટા
		૨	લવાણા
		૩	વખતપુર
		૪	બાબલીયા
		૫	ત્રાકડી
		૬	તેજાકુઈ
૬	ગાંગટા	૧	ગાંગટા
		૨	બેડવલ્લી
		૩	ભાણપુર
		૪	મૈયાપુર
		૫	મસીયા
		૬	વાવ્યો

અ.નં	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧	૨	૩	૪
		૭	મોકમસિંહના ભેવાડા
		૮	પંડયાના મુવાડા
		૯	તલપતના ભેવાડા
૭	કાનેસર	૧	કાનેસર
		૨	અખાડાના દેગમડા
		૩	ફતાજીના ભેવાડા
		૪	ડોલરીયા
		૫	ચારણના દેગમડા
		૬	ટાંકના ભેવાડા
		૭	વાદરવેડ
૮	કનોડ	૧	કનોડ
		૨	પાદેડી (કનોડ)
		૩	ઝેર
		૪	ઉમરીયા
		૫	ડોડાવટા
		૬	સીમલનાડા
૯	કારંટા	૧	કારંટા
		૨	મુડાવડેખ
		૩	બડેસરા
		૪	વિરપરાના મુવાડા
		૫	સાપડીયા
૧૦	લીમડીયા	૧	લીમડીયા
		૨	ઈસરોડા
		૩	વાવીયા
		૪	કસલાવટી
૧૧	મેણા	૧	મેણા
		૨	ભુવાબાર
		૩	ઘોઘોવાડા
		૪	પુજેલાવ
૧૨	મોટા ખાનપુર	૧	મોટા ખાનપુર
		૨	રહેમાન
		૩	નાના ખાનપુર
		૪	કોલંબી
૧૩	નરોડા	૧	નરોડા
		૨	ખુટેલાવ
૧૪	નવાગામ	૧	નવાગામ
		૨	લીમડીટીંબા
		૩	વાવકુવા

અ.નં	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧	૨	૩	૪
		૪	મદાપુર
		૫	જળકુકળી
		૬	પાતાપુર
		૭	ઘોડીયારપીર
		૮	પાદેડી (પ્રતાપપુર)
૧૫	પાંડરવાડા	૧	પાંડરવાડા
		૨	દલેલપુરા
		૩	રૂઝડા
		૪	કોરવાઈ
		૫	જેઠોલા
		૬	મોતીપુરા
૧૬	વડાગામ	૧	વડાગામ
તાલુકા પંચાયતનું નામ:- ગોધર			
૧	આંજણવા	૧	આંજણવા
		૨	વાકડી વોર્ડ નં-૮, ૧૦
૨	બોઈડીયા	૧	કાળીબેલ નવી
		૨	મંકોડીયા
		૩	બોઈડીયા
		૪	સાંઢપાળીયા
		૫	રાફઈ
		૬	વાઘણ
૩	છાયણ	૧	છાયણ
		૨	બહેડીયા
		૩	ગુવાલીયા
		૪	ગલાલીયા
		૫	સવગઢ
		૬	બાવાના સાલીયા
૪	ઘામોતના મોહીલા	૧	ધામોતના મોહીલા
		૨	નાનીસરસણ
		૩	ભોટવા (૫)
		૪	પઢારીયા
		૫	કણબીના મોહીલા
૫	ગામડી	૧	ગામડી
		૨	ડહેલા
૬	કાળીબેલ	૧	કાળીબેલ
		૨	ગોધર (૫)
૭	માંચોડ	૧	માંચોડ
		૨	ચુથાના મુવાડા

અ.નં	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧	૨	૩	૪
